"રાજ્ય પોલીસ વડા પ્રશંસા પદક"
(D.G.P's Commendation Medal) આપવા અંગેની મંજુરી બાબત.

# ગુજરાત સરકાર

ગૃહ વિભાગ

ઠરાવ ક્રમાંક: પદક/૧૦૨૦૨૦/૩૯/વ

સચિવાલય, ગાંધીનગર.

**તા. ૨૯/૦૨/૨૦૨૦**

**વંચાણે લીધો** :- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગરનો તા.૦૮/૦૧/૨૦૨૦નો પત્ર ક્રમાંક: એસબી/૪/ડીજીપી Commd./૭૧/૨૦૨૦.

**પ્રસ્તાવના:-**

ઉક્ત વંચાણે લીધેલ પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગરનાં તા.૦૮/૦૧/૨૦૨૦ના પત્રથી ગુજરાત પોલીસના અધિકારીઓની પ્રશંસનીય સેવા માટે પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી દ્વારા "રાજ્ય પોલીસ વડા પ્રશંસા પદક"ની નવી વ્યવસ્થા અમલમાં મુકવા ઉક્ત પત્રથી દરખાસ્ત કરવામાં આવેલ છે.

**ઠરાવ:-**

પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરની ઉક્ત દરખાસ્ત પરત્વે કાળજીપૂર્વકની વિચારણાને અંતે ગુજરાત પોલીસદળના તમામ સંવર્ગના અધિકારીઓને રાજ્ય પોલીસ વડા પ્રશંસા પદક (D.G.P's Commendation Medal) આપવા અંગે આથી, નિમ્નદર્શિત વિગતે મંજુરી આપવામાં આવે છે:-

૧. પોલીસ અધિકારીઓને (તમામ સંવર્ગ) રાજ્ય પોલીસ વડા પ્રશંસા પદક એનાયત કરવા માટે નીચે મુજબના માપદંડ નિર્ધારીત કરવામાં આવે છે;

(૧) હિમ્મત, કૌશલ્ય અને સૂઝબૂઝની રીતે ઉત્કૃષ્ટ કાર્ય કરેલ હોય.
(૨) કુદરતી આપત્તિ દરમ્યાન ઉત્કૃષ્ટ કાર્ય કરેલ હોય.
(૩) કાર્યપધ્ધતિ સુધારવા માટે નવતર પ્રયોગનું કાર્ય કરેલ હોય.
(૪) મુશ્કેલ કેસો શોધવા/નિરાકરણ લાવવા માટે પ્રશંસનીય કાર્ય કરેલ હોય.
(૫) ઓછામાં ઓછો ૦૭ વર્ષનો સ્વચ્છ સેવા-વિષયક રેકર્ડ હોય.
(૬) ડ્રાઇવરના કેસમાં છેલ્લા ૦૭ વર્ષનો અકસ્માત મુક્ત ડ્રાઇવીંગ રેકોર્ડ હોય.
(૭) બે અઠવાડીયાથી વધુ સમયગાળાના તાલીમ કોર્સમાં 'ઉત્તમ' ગ્રેડ મેળવેલ હોય.

(૮) અન્ય કોઇ ઉત્તમ કાર્ય કરેલ હોવું જોઇએ કે જે પ્રશંસાને પાત્ર હોય.

(૯) કમિટિને યોગ્ય લાગે તેવું ઉત્તમ કાર્ય કરનાર.

**૨.** રાજ્ય પોલીસ વડા પ્રશંસા પદકની પાત્રતા નક્કી કરવા માટે નીચે મુજબની સ્ક્રીનીંગ સમિતિ નિર્ધારીત કરવામાં આવે છે:

| | | |
|---|---|---|
| ૧ | પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી | અધ્યક્ષ |
| ૨ | અધિક પોલીસ મહાનિદેશકશ્રી (કાયદો અને વ્યવસ્થા) | સભ્ય |
| ૩ | અધિક પોલીસ મહાનિદેશકશ્રી (સી.આઇ.ડી ક્રાઇમ) | સભ્ય |
| ૪ | અધિક પોલીસ મહાનિદેશકશ્રી (તકનીકી સેવાઓ) | સભ્ય |
| ૫ | અધિક પોલીસ મહાનિદેશકશ્રી (આઇ.બી.) | સભ્ય |
| ૬ | અધિક પોલીસ મહાનિદેશકશ્રી (હથિયારી એકમો) | સભ્ય |
| ૭ | અધિક પોલીસ મહાનિદેશકશ્રી (વહીવટ) | સભ્ય સચિવ |

**૩.** પદકની ડીઝાઇન આ સાથે સામેલ રાખેલ છે. આ પદક વર્ષમાં એક વખત, ફેબ્રુઆરી અથવા માર્ચ માસમાં આપવાનો રહેશે.

**૪.** રાજ્ય પોલીસ વડા પ્રશંસા પદકની સંખ્યા ૧૧૦ નિર્ધારીત કરવામાં આવે છે, જેની જિલ્લા, શહેર અને કચેરીવાર નીચે મુજબ ફાળવણી કરવાનું નિયત કરવામાં આવે છે;

| | | |
|---|---|---|
| ૧ | ગૃહ વિભાગના તાબા હેઠળની પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીની કચેરી તેમજ અન્ય કચેરીઓમાં નિમણૂંક પામેલ આઇ.પી.એસ. અધિકારીઓ અને અન્ય પોલીસ અધિકારીઓ (તમામ સંવર્ગ) | ૧૦ |
| ૨ | પોલીસ કમિશનરશ્રીની કચેરીઓ | ૨૦ |
| ૩ | તમામ ક્ષેત્રિય કચેરીઓ | ૩૬ |
| ૪ | હથિયારી એકમો | ૨૩ |
| ૫ | સી.આઇ.ડી., ક્રાઇમ અને રેલ્વેઝ | ૦૨ |
| ૬ | સી.આઇ.ડી., ક્રાઇમ (આઇ.બી.) | ૦૨ |
| ૭ | તકનીકી સેવાઓ | ૦૫ |
| ૮ | તમામ તાલીમ સંસ્થાઓ | ૦૨ |
| ૯ | સ્ટેટ ટ્રાફીક બ્રાન્ચ (S.T.B.) (શહેર/જિલ્લા ટ્રાફીક સહિત) | ૦૮ |
| ૧૦ | આંતકવાદ વિરોધી દળ (A.T.S.) અને કોસ્ટલ સિક્યુરીટી દળ | ૦૨ |
| | **કુલ** | **૧૧૦** |

**૫.** "રાજ્ય પોલીસ વડા પ્રશંસા પદક" માટે સબંધિત કચેરીએ દર વર્ષે ફેબ્રુઆરી માસમાં ભલામણ મોકલી આપવાની રહેશે તથા પદક વિજેતાનું પત્રક ફેબ્રુઆરી/માર્ચ માસમાં સમિતિ નક્કી કરે તે મુજબ જાહેર કરવાનું રહેશે. પદક આપવા અંગેની વિગતવાર માર્ગદર્શિકા પોલીસ

મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા બહાર પાડવાની રહેશે.

**૬. પદક પરત ખેચવા અંગેની જોગવાઇ:**

જો પદક ધારક પ્રાથમિક તપાસ બાદ રૂખસદ (Removal), મોટી શિક્ષા, ગુનાહીત અપરાધ વિગેરે જેવા કૃત્ય માટે કે પોલીસ તંત્રની નામોશી માટે જવાબદાર ઠરે તો પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી પદક પરત ખેંચવા માટે સક્ષમ રહેશે.

૭. આ હુકમ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીની મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડી.આર.ભમ્મર)
નાયબ સચિવ
ગૃહ વિભાગ

**પ્રતિ,**

- માનનીય રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર. (પત્ર દ્વારા)
- માનનીય મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માનનીય રાજયકક્ષાના મંત્રીશ્રી(ગૃહ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- સંયુક્ત સચિવશ્રી, મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(ગૃહ)ના અગ્ર રહસ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, પોલીસ ભવન, ગાંધીનગર.
- સચિવશ્રી(ગૃહ)ના રહસ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ગૃહ વિભાગના અધિક સચિવશ્રી/સર્વે નાયબ સચિવશ્રી/સર્વે ઉપ સચિવશ્રી/સર્વે સેકશન અધિકારીશ્રી
- ગૃહ વિભાગ હસ્તકના સર્વે ખાતાના વડાશ્રીઓની કચેરી.
- સેકશન અધિકારીશ્રી, સ-શાખા,(વહીવટી શાખા) ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સેકશન અધિકારીશ્રી, આઇ.ટી-શાખા, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વેબ સાઇટ ઉપર આ ઠરાવ અપલોડ કરવાની વિનંતી સહ,
- નાયબ સેકશન અધિકારી સિલેક્ટ ફાઇલ.
- શાખા સિલેક્ટ ફાઇલ.

**“રાજ્ય પોલીસ વડા પ્રશંસા પદક”ની ડીઝાઇન અને વર્ણન :**

## રાજ્ય પોલીસ વડા પ્રશંસા પદક

**First time Disc**




પિત્તળ નિકલ ઢોળ ચાંદીના બનેલા, અંડાકાર આકાર, કદ (1-1 / 2 " * 1-1 / 4) થી બનેલા લગભગ એબોસ્ડ તળિયે -20XX અને પાછળની બાજુ એક સ્ટીલ પિન ફીટ ડિસ્ક યોગ્ય રીતે સોલ્ડર કરેલ. જાડાઈ લગભગ 16 ગેજ.

**Second time Disc**




પિત્તળના નિકલના બનેલા ગોલ્ડન, અંડાકાર આકાર, કદ (1-1 / 2 " * 1-1 / 4) લગભગ. એબોસ્ડ -20XX તળિયે અને ડિસ્કની પાછળની બાજુએ એક ગોલ્ડન પિન યોગ્ય રીતે સોલ્ડર કરેલ. જાડાઈ લગભગ 16 ગેજ.